**નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની કોલેજો અને પોલીટિકનીક ખાતે શિક્ષકો ફાળવવા બાબત.**

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ કોલેજો અને પોલીટિકનીકના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે જુદા જુદા સેમેસ્ટરોમાં ચાલતા અભ્યાસ માટે જુદા જુદા વિષયના પ્રાધ્યાપકો/ફેકલ્ટીઓને તેમની કોલેજ/પોલીટિકનીક ખાતે યુનિવર્સિટીની અન્ય કોલેજો કે વિભાગોમાંથી શિક્ષકોની સેવા ફાળવવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવે છે. સમયસર સદર બાબતે અત્રે શિક્ષકોની સેવા ફાળવવા માટે રજુઆત ન મળવાને કારણે તેમજ કયા કયા શિક્ષકોની જરુરીયાત છે તે પણ જણાવવામા આવતુ નથી જેને કારણે કચેરીઓ તરફથી સ્વયંસ્પષ્ટ દરખાસ્ત ન મળવાને કારણે શિક્ષકોની સેવા ફાળવવામાં વિલંબ થાય છે.

આથી તમામ કોલેજો અને પોલીટિકનીકના વડાશ્રીઓને સુચના આપવામાં આવે છે કે કોલેજો અને પોલીટિકનીકના જુદા જુદા સેમેસ્ટરોમાં ચાલતા અભ્યાસ માટે જુદા જુદા વિષયના પ્રાધ્યાપકો/ફેકલ્ટીઓની જ્યારે જરુરીયાત ઉપસ્થિત થાય ત્યારે કોલેજો અને પોલીટિકનીકના વડાશ્રીઓ તેમની કક્ષાએથી જે તે યુનિટના વડા સાથે પરામર્શ કરી વ્યવસ્થા કરવાની રહેશે.સદર બાબતે અત્રેની કચેરીએ દરખાસ્ત કરવાની રહેતી નથી.

સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/**૧૩૫૩-૨૦૦૨**/૨૦૨૫
નવસારી તા.૧૩.૨.૨૦૨૫

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી-૩૯૬૪૫૦**

**નકલ સવિનય રવાના:-**

(૧) તમામ કોલેજો અને પોલીટિકનીકના ડીનશ્રી/આચાર્યશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ.
(૨) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારુ.
(૨) મદદનીશ કુલસચિવ( એકેડેમિક શાખા) તરફ જાણ સારુ.